# સિમ્ફની લિ.એ BLDC ટેકનોલોજી સંચાલિત સૌપ્રથમ એર કૂલર રેન્જ લોન્ચ કરી

**રાજકોટ**

ઈવોપરેટિવ એર કૂલર્સમાં વૈશ્વિક અગ્રણી સિમ્ફની લિમિટેડે બીએલડીસી ટેકનોલોજી દ્વારા સંચાલિત વિશ્વની સૌપ્રથમ એર કૂલર રેન્જ લોન્ચ કરી છે. અત્યંત ઉર્જા કાર્યક્ષમ એવી, બીએલડીસી એર કૂલર રેન્જ, અન્ય કૂલરની સરખામણીમાં ૬૦ ટકા જેટલી ઓછી વીજળી વાપરે છે. જેના પરિણામે દર વર્ષે રૂા.૨૦૦૦ સુધીની ઉર્જા બચત થાય છે.કંપનીએ બીએલડીસી રેન્જમાં ૮૦ લિટર, ૫૫ લિટર અને ૩૦ લિટરની ક્ષમતાના ૩ મોડલ લોન્ચ કર્યા છે. અત્યંત ઉર્જા કાર્યક્ષમ હોવા ઉપરાંત, તે વધારાની સુવિધાઓથી પણ સુસજ્જ છે જેમ કે ૭-સ્પીડ ઓપ્શન્સ, ૮ કલાક સુધી નાઈટ સ્લીપ મોડ, ટચસ્ક્રીન કન્ટ્રોલ પેનલ એમ્પ્ટી વોટર ટેન્ક એલાર્મ વગેરે. સિમ્ફની કૂલર્સ ફૂટપ્રિન્ટ ઘટે તે પ્રમાણે તૈયાર કરાયા છે. જે પ્રતિ કૂલર પ્રતિવર્ષ ૧૮ વૃક્ષો વાવવા બરાબર છે અને એર કંડિશનરની સામે માત્ર ૧૦ ટકા ઉર્જાનો વપરાશ કરે છે.આ અંગે ટિપ્પણી કરતા સિમ્ફની લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર અચલ બકેરીએ જણાવ્યું હતું કે, સિમ્ફની ખાતે, અમે આજે આવતીકાલનું વિચારીએ છીએ. અમારો પ્રયાસ હંમેશા આપણા ગ્રહ અને તેના રહેવાસીઓ માટે વધુ સારા ભવિષ્યનું નિર્માણ કરવાનો રહ્યો છે.